❖ પૂર્વભૂમિકા :

ગામીત જાતિનાં લોકગીતો, લોકવાર્તાઓ, દેવીદેવતાઓને પૂજા કરવાની રીતો. સ્વર્ગવાસ થયેલા વ્યકિતની પ્રતિમા મૂકવાની રીતો તથા ગીતો વગેરે અનેક પ્રસંગોએ ગામીત જાતિના લોકગીતો ગવાતા હતા. જે અનેક નવી પેઢીને કંઠસ્થ થયેલા નથી તથા અલ્પ પ્રમાણમાં લિપિબધ્ધ થયેલા છે. ગામીત જાતિમાં સંપ્રદાયો બદલાવાથી જૂના રીતરિવાજો અને લોકગીતો લુપ્ત થતા જાય છે, એવું મને લાગવા માંડયું, આથી મેં નિશ્ચય કર્યો કે આ સંસ્કૃતિ અને આ લોકગીતોનું અધ્યયન કરવું જોઈએ.

એમ.એ. થયા પછી મને ભાવનગર યુનિવર્સિટીમાં એમ.ફિલ.માં પ્રવેશ મળ્યો અને મેં તરત જ મારા લઘુશોધનિબંધ માટે શીર્ષક ગામીત સમાજનાં લગ્નગીતો : એક અભ્યાસ રાખ્યું. મને આ વિષયમા ખૂબ જ રસ જાગ્યો. મારી સાથે બીજા નવ વિદ્યાર્થીઓ હતા, જેમાં મેં પ્રથમ લઘુશોધનિબંધ જમા કરાવ્યો અને મારા માર્ગદર્શક ડૉ. વિપુલભાઈ પુરોહિત, ડૉ. મહેન્દ્રસિંહ પરમાર, ડૉ. વિનોદભાઈ જોશી વગેરેએ મને અભિનંદન પાઠવ્યા, ત્યારથી મને વિચાર આવ્યો કે ગામીત જાતિની આટલી સરસ સંસ્કૃતિ અને લોકગીતો છે, એ વિષયને ધ્યાનમાં રાખીને વિશેષ ખેડાણ કરવું જોઈએ. મને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સૂરતની વિનયન વિદ્યાશાખામાં ગુજરાતી વિષયમાં પીએચ.ડી.માં પ્રવેશ મળતાં જ અમારી જાતિનાં લોકગીતો અને લોકસંસ્કૃતિ ઉપર મહાશોધનિબંધ તૈયાર કરવા સક્રિય થયો.

સાહિત્યની બે પરંપરાઓ છે : લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્ય. લોકસાહિત્ય સામાન્ય રીતે લાકો દ્વારા લોકબોલીમાં, મુખ્યતઃ ગ્રામ્ય વિસ્તારમાં અનાયાસે, પ્રસંગો અનુસાર સર્જાયેલું હોય છે, જે મૌખિકરૂપે–લોકકંઠે જળવાયું છે. નિરક્ષર એવો આ બહુજન સમાજ તેનો આસ્વાદ સ્વાભાવિક જ લેતો રહ્યો છે તેઓ શ્રવણ દ્વારા સમૂહમાં ગાઈને લોકસાહિત્યને માણે છે. લોકસાહિત્યમાં કોઈક જીવન પ્રસંગની રચના સમૂહ દ્વારા જ સર્જાતી હોય છે, એટલે સ્વાભાવિક જ એની રચના વ્યકિતગત હોતી નથી. કોઈ એક સર્જક કે વ્યકિતનો એમાં ભાગ નથી હોતો, પણ એ સમૂહથી અને સમૂહ માટે જ સર્જાય

છે. જેને આપણે લોકસાહિત્ય કહીએ છીએ. શિષ્ટ સાહિત્યનો સર્જક સન્માન અને નિજાનંદ માટે સાહિત્ય સર્જન કરે છે. સર્જક હોવું એ સાહિત્યની પ્રથમ શરત બની રહે છે. જયારે લોકસાહિત્યમાં એવી કોઈ શરત નથી. લોકસાહિત્ય એ સર્વ માટે છે, બધા એક સરખા આનંદથી એનો આસ્વાદ માણી શકે છે.

લોકસાહિત્ય લોકો દ્વારા સર્જાતું હોવાથી એનો વ્યાપ સ્વાભાવિક જ વધારે હોય છે. દુનિયાના બધા જ દેશ, પ્રદેશ અને સમાજોમાં શરૂઆતથી માંડી અત્યાધુનિક સમાજોમાં કોઈને કોઈરૂપે લોકસાહિત્ય જળવાયેલું જોવા મળે છે. માનવીએ જયારથી ભાષા બોલવાની શકિત મેળવી હશે, ત્યાર પછી થોડા વર્ષો બાદ લોકસાહિત્યનો જન્મ થયો હશે

માનવી વાણી દ્વારા પોતાની લાગણી, વિચારો, કલ્પનાઓ અને ઈચ્છાઓને પ્રગટ કરતો થયો હશે, ત્યારથી આ લોકસાહિત્યનું સર્જન થયું હશે, ક્રમશઃ સમાજ વધારે સઘન, શિષ્ટ અને સભ્ય બનતો ગયો હશે, તેમ તેમ એ શિષ્ટ સાહિત્યનાં સર્જન તરફ વળ્યો હશે, તેવું માની શકાય છે. લિપિની શોધ પછી જ શિષ્ટ સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું હશે.

મારા મહાશોધનિબંધનો વિષય છે : 'ગામીત જાતિનાં લોકગીતોમાંથી ઉપસતાં સામાજિક અને સાંસ્કૃતિક જીવન સંદર્ભે એક અધ્યયન'

- **નીચે પ્રમાણે પ્રકરણવાર અધ્યયન કરવામાં આવ્યું છે :**

૧. પ્રકરણ–૧

લોકસાહિત્ય વિભાવના, સ્વરૂપ તથા લોકગીતનાં પ્રકારો અને લાક્ષણિકતા.

૨. પ્રકરણ–૨

ગામીત સમાજનો પરિચય.

૩. પ્રકરણ–૩

ગામીત જાતિનાં સામાજિક, ધાર્મિક રીતરિવાજો.

૪. પ્રકરણ–૪

ગામીત સમાજનાં લોકગીતો.

૫. ઉપસંહાર – તારણો

પરિશિષ્ટ–૧

(૧) વિવિધ પ્રસંગો અને સ્થળની ફોટોગ્રાફી

(૨) ગાયકસૂચિ

(૩) સંદર્ભગ્રંથસૂચિ

પ્રકરણ–૧

લોકસાહિત્યને અનુષંગે એમ કહી શકાય કે વસ્તુ, ભાવ–વિચાર તેમજ ગદ્ય–પદ્ય છટાઓનું વૈવિધ્ય, શૈલી, નિરૂપણ, સ્વરૂપ વગેરેની દ્રષ્ટિએ તે અનન્ય છે. લોકસાહિત્ય ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અનુષ્ઠાનો સાથે સંબંધ ધરાવે છે, પરંતુ તે સામાન્ય રીતે ચીલાચાલુ નીરસ હોય છે, છતાં ગેય અને કથ્ય લોકસાહિત્ય, લોકગીતો, લોકવાર્તાઓ, દંતકથાઓ સાહિત્ય તરીકે આસ્વાદ્ય છે, તેમાં કલાત્મકતા અને સરસતા ઉભયનો યુગપદ અનુભવ થાય છે. આવા સરસ લોકસાહિત્ય ભાવકને આનંદ આપે છે અને અવબોધમાં પર્યાપ્ત ક્ષમતા છે. લોકસાહિત્યમાં સાચું અને સુરેખ પ્રતિબિંબ ઝિલાયું છે, તેથી તેના અભ્યાસ માટે તે ઉપયોગી છે.

શિષ્ટ સાહિત્યની હરોળમાં શહેરી સભ્યતા દ્વારા સમૂહમાં લોકસાહિત્યની ઉપેક્ષા થાય, તે કોઈ રીતે ઉચિત નથી. લોકસાહિત્યની ઉપેક્ષાથી આપણા જીવન અને સાહિત્ય ઊણા રહી જશે.

➢ લોકસાહિત્યની વિભાવના :

લોકસાહિત્ય શબ્દ સાંભળતાં જ હૃદયમાં ઝણઝણાટી વ્યાપી ન જાય તો જ નવાઈ ! લોકસાહિત્યમાં લોકજીવનની વાસ્તવિક ઝલક જોવા મળે છે. લોકસાહિત્યમાં સંસ્કૃતિનું સાચુ પ્રતિબિંબ પડે છે. લોકસાહિત્ય એની સરળ, સચોટ, વેધક અને વાસ્તવિક આલેખનના કારણે તો એ સર્વથા હૃદયસ્પર્શી બન્યું છે. લોકોની જીભે જીવતું રહીને કંઠોપકંઠ ચાલતું રહે છે.

➢ લોકસાહિત્યની વિશેષતા :

૧. લોકસાહિત્ય વસ્તુ, ભાવ, વિચાર, માધ્યમ, ગદ્ય–પદ્ય છટાઓનું વૈવિધ્ય, શૈલીઓ, નિરૂપણની રીતિ વગેરે દૃષ્ટિએ સમૃદ્ધ છે.

૨. લોકસાહિત્યમાં સીમંતગીતો, લગ્નગીતો, હાલરડાં, વ્રતગીતો, રાજયા, ભડલીવાકયો, ભવિષ્ય કથનો વગેરે મહત્ત્વના હોય છે. આ ઉપરાંત ગામીત જાતિનાં હોળીનાં ગીતો, શિકારનાં ગીતો, લગ્નગીતો, ખેતીવાડીનાં ગીતો, મરસિયા, ખતરા મૂકવાનાં ગીતો, દેવીદેવતાનાં ગીતો વગેરે ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અનુષ્ઠાનો સાથે સંબંધ સામાન્ય રીતે વૈવિધ્યસભર જોવા મળે છે.

૩. લોકસાહિત્ય દ્વારા આનંદ ઉપરાંત બોધ પણ પ્રાપ્ત થાય છે.

૪. લોકસાહિત્યમાં માનવજીવનનું બહુપરિમાણીય સ્વરૂપ પદ્યાત્મક રીતે ઝીલાયેલું જોવા મળે છે.

૫. ઘણા સર્જકોએ લોકસાહિત્યમાંથી બીજરૂપ કથાનકોનો સ્વીકાર કર્યો છે અને પોતાની સર્જકતા વડે સાહિત્ય જગતમાં અમરતા પ્રાપ્ત કરી છે.

➢ લોકસાહિત્ય એટલે શું ?

લોકસાહિત્ય સાર્વત્રિક રહેલું છે. લોકસાહિત્ય એ કોઈ ચોક્કસ કહી શકાય એવા પ્રદેશ, પ્રાંત કે ભાષાનું જ સાહિત્ય નથી, પણ જગતમાં કોઈ પણ ખૂણે રહેતા માનવી કે જે ભલે અભણ હોય તો પણ તેને પોતીકું કહી શકાય, એવું સાહિત્ય હોય છે અને એ સાહિત્ય જ એટલે લોકસાહિત્ય. લોકોના જીવન વ્યવહારમાંથી લોકોની જુદી જુદી સંવેદનાઓ, ઊર્મિઓ સ્વયંભૂ અભિવ્યકત થાય છે, તેને લોકસાહિત્ય કહી શકાય, એમાં ભૂતકાળની સારી–નરસી ઘટનાઓ, પ્રસંગો, ગીતો, વાર્તા વગેરે શબ્દદેહ ધારણ કરે છે, આ સંદર્ભમાં શ્રી ડૉ. જોરાવરસિંહ જાદવ યોગ્ય રીતે નોંધે છે કેઃ ''લોકસાહિત્ય અટલે લોકજીવનનો સ્મૃતિગ્રંથ''

➢ **લોકસાહિત્યના પ્રકારો :**

લોકગીત, લોકકથા, લોકનાટક, લોકકહેવતો

➢ **લોકગીત :**

લોકગીત પરંપરાગત કંઠસ્થ લોકસાહિત્યનો એક પ્રકાર છે. લોકસાહિત્ય એ પરંપરાગત લોકવૈવિધ્યનો એક અંશ છે. લોકગીતો મૌખિક પરંપરા દ્વારા લોકોમાં ઊતરી આવ્યા છે અને તે સમાજમાં, વિશેષતઃ ગ્રામ્યસમાજમાં વ્યાપક રીતે પચાર પ્રસાર પામે છે.

લોકસાહિત્યમાં લોકગીતો લોકો દ્વારા, લોકો માટે, લોકબોલીઓમાં રચાયેલો એક પ્રકાર છે. લોકગીતમાં હાલરડાં, લગ્નગીતો, ધાર્મિક રીતરિવાજનાં ગીતો, ઘરસંસારનાં ગીતો, વાવણીનાં ગીતો, શિકારનાં ગીતો, પાક લણતી વખતનાં ગીતો, એવા અનેક પ્રકારનાં ગીતોનો સમાવેશ થાય છે.

➢ **લોકકથા :**

લોકગીતોની જેમ લોકકથા તથા લોકવાર્તા પણ મૌખિક પરંપરા દ્વારા લોકોમાં ઊતરી આવેલ અને પ્રચાર પ્રસાર પામેલ લોકસાહિત્યનો એક પ્રકાર છે. લોકકથા વયસ્થ પુરુષોની વાતો એવો અર્થ થાય છે. કંઠસ્થ લોકકથા જાહેરમાં કહેવાય છે અને વાર્તા રસિકો તે સાંભળીને તેનો આસ્વાદ માણે છે. લોકકથા ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામજનો, કૃષકો, પશુપાલકો, શ્રમિકો દ્વારા કહેવાય છે, પરંતુ તેમની કથનશૈલી અલગ–અલગ હોય છે. સામાન્ય ગ્રામીણ વાર્તામાં આડકથા જૂદી–જૂદી શૈલીમાં રજૂ કરે છે. કામ કરતા કરતા કે રાતે જમ્યા પછી નવરાશના સમયે લોકકથા કહેવાય છે. કથાની રજૂઆતમાં ઘણી સમાનતા હોવા છતાં કેટલીક ભિન્નતા પણ હોય છે.

➢ **લોકનાટક :**

લોકનાટકનો અર્થ નાટ્યરૂપી લોકવિદ્યા એવો થાય છે. કથાઓને મુખ્યત્વે વાચિક અને આંગિક અભિનય વડે રજૂ કરવામાં આવે છે. વાણી દ્વારા માણસ લોકોમાં અનોખું આકર્ષણ પણ જમાવી શકે છે.

➢ **લોકકહેવતો :**

લોકો વ્યવહારમાં પરંપરાથી ઊતરી આવેલી કહેવતો જીવંત ભાષાનું એક મહત્ત્વનું અંગે છે. અલબત્ત કહેવતો કોણે રચી? કયારે રચી? તે બાબતનો આધાર કંઈ જાણવા મળતો નથી. પરંતુ માનવ જીવનના દીર્ઘકાલીન અનુભવો, નિરીક્ષણો, ચિંતનોમાંથી તેનો ઉદ્‌ભવ થયો હશે, તેમ કહી શકાય. લોકોની બોલચાલની વાણીમાં વસેલા તળપદા સાહિત્યિક બળો આવા નિત્ય વ્યવહારમાં જન્મેલા અગણિત લાક્ષણિક પયોગોથી શરૂ થાય છે.

પ્રકરણ–૨

'ગામીત' શબ્દ એ ગામીત જાતિનાં લોકોના નામ માટેની એક અટક (ઓળખ) છે, જેનો ઉદ્‌ભવ આ પ્રમાણે થયેલો માનવામાં આવેલ છે. ''જે લોકો ગામ વસાવીને એક જગ્યાએ સ્થિર થઈ ગયા, તે ગામોત તરીકે ઓળખાયા. તેમાંથી ગામીત શબ્દનો ઉદ્‌ભવ થયો એમ માનવામાં આવે છે.'' 'ગામીત' લોકોનો ઉદ્‌ભવ કયાં થયો અને તેઓ કયાંથી આવ્યા, તેની કોઈ ચોકકસ માહિતી મળતી નથી. પણ એવું માનવામાં આવે છે કે તેઆ સાતપૂડાના ડુંગરોમાંથી સ્થળાંતર કરીને માંડવી, વ્યારા, સોનગઢ, વાલોડ, ઉચ્છલ, નીઝર, સુરત જેવા તાલુકાઓમાં આવીને વસ્યા. તેમની વસ્તી જંગલો અને ડુંગરોની તળેટીમાં વધારે જોવા મળે છે, એ રીતે જોઈએ તો 'ગામીત' લોકો જે જગ્યાએ સ્થિર થયા અને વસવાટ કરવા લાગ્યા, તે 'ગામીત' તરીકે ઓળખાય છે.

ગામીત જાતિની લાક્ષણિકતા જોઈએ તો ઘરસંસાર, પહેરવેશ, અલંકાર, વ્યવસાય, રીતરિવાજો, અંધશ્રદ્ધા, વહેમો, દેવી–દેવતાઓની પૂજા, તહેવારોની ઊજવણી, ખોરાક, શારીરિક બંધારણ અને તેમનો સ્વભાવ તથા સંસ્કૃતિ આપણને આકર્ષે એવા પ્રકારની છે.

પ્રકરણ–૩

❖ ગામીત જાતિનાં રીતરિવાજો

ગામીત જાતિનાં લોકો જંગલ ઝાડીમાં રહેનારા અને પ્રકૃતિને પૂજનારા લોકો છે, માટે તેમના રીતરિવાજો, જેવા કે બાળકનો જન્મ થાય ત્યાંથી તે મૃત્યુ થાય ત્યાં સુધી, તો વળી પાછા મૃત્યુ થયા પછી પણ મૃતકની રીત કરાય છે, જે ખતરાની રીત તરીકે ઓળખાય છે. ગામીત લોકો કૃષક છે, માટે તેઓ પ્રથમ વરસાદ વરસવાનો શરૂ થાય ત્યારથી માંડીને પાક લણી લેવામાં આવે, ત્યાં સુધી વિવિધ દેવી–દેવતાઓની પૂજા કરવાની રીતો આ જાતિનાં લોકો કરે છે. સામાજિક દૃષ્ટિએ જોઈએ તો તેમના રીતરિવાજોમાં પ્રથમ જન્મ વખતની રીત, બાબરી વધાવવી, લગ્નની રીત, મૃત્યુની રીત, મૃત્યુ પછીની રીત, સાપ કરડવાથી મૃત્યુ થયું હોય તો એની રીત, સ્ત્રીનું સગર્ભાવસ્થામાં મૃત્યુ થયું હોય તો એની રીત, મૃત્યુ પામનારની યાદમાં પ્રતિમા મૂકવાની રીત તથા દેવી–દેવતાના પૂજાવિધિના રિવાજો, આમ તેમના સમાજમાં આજીવન ચાલતા રીતરિવાજો જોવા મળે છે.

પ્રકરણ–૪

❖ ગામીત જાતિનાં લોકગીતો :

આ પ્રકરણમાં લાકગીતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગામીત જાતિનાં ક્ષેત્રકાર્ય દરમિયાન બહેનોની રૂબરૂ મુલાકાત લઈ તથા કેટલાક સંદર્ભગ્રંથનો ઉપયોગ કરીને લોકગીતો એકત્રિત કરવામાં આવ્યા છે, જેમાં લગ્ન પ્રસંગે જે ઢાળ અને શૈલીના દર્શન થાય છે, એવા જ દર્શન ગીત ગાતી બહેનોનાં લોકગીતોમાં જોવા મળે છે. લોકગીતો જેવા પ્રાપ્ત થાય તેવા જ હું રેકોર્ડીંગ કરીને તેને કાગળ ઉપર, ઉચ્ચારોને ધ્યાનમાં રાખી લિપિબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો અને તેમાંથી પગટતા સામાજિક અને સાંસ્કૃતિક જીવનને આલેખવા પ્રયાસ કર્યો. ગામીત જાતિનાં લોકગીતો ગવાયાં છે એવાં મુખ્ય ગીતોની સૂચિ અહીં તૈયાર કરી છે. આ ગીતો ગામીત બોલીમાં ઉપલબ્ધ હોવાથી દરેક ગીતની નીચે સંક્ષિપ્ત ભાવાર્થ શિષ્ટ ભાષામાં રજૂ કર્યો છે.

પ્રકરણ–૫

❖ વિહંગાવલોકન

પ્રસ્તુત પ્રકરણમાં ગામીત સમાજના લોકગીતો અને લોકસંસ્કૃતિનો અભ્યાસ કરવાનો મારો ઉપક્રમ છે. દરેક સમુદાયને પોતાની અલગ જીવનશૈલી હોય છે તથા લોકગીતા પણ અલગ અલગ હોય છે. એ લોકગીતોમાં ભાષા, ભાવપ્રતીકો, કલાવિધાન, કલ્પનો તથા અલગ અલગ રસનો પણ ઉલ્લેખ થયેલો હોય છે. લોકસમાજનાં હૈયાનો તળપદી વાણીમાં મૂર્ત થયેલો કાલોઘેલો અને નિર્વ્યાજ ભાવની દૃષ્ટિએ સુંદર એવો લલકાર હોય છે. લોકસાહિત્યના સર્જકો અનામી હોય છે, લોકસાહિત્ય સાહિત્ય સાર્વજનિક મૂડી બની જાય છે તથા સમયાંતરે ગીતોમાં ઉમેરો થતો જાય, પાઠાંતરો પણ થતા રહે, એ સ્વાભાવિક છે. આ પ્રકારના સાહિત્યમાં અભણ પરંતુ સંવેદનશીલ અને ભાવસમૃદ્ધ હૈયાવાળા નરનારીઓના ઊમળકાને સ્થાન હોય છે.

❖ ગામીત જાતિનાં લોકગીતોનું વિષયવસ્તુ :

કોઈપણ જાતિ કે સમુદાયના લોકગીતોનો અભ્યાસ કરવાથી એ બાબત જાણવા મળશે કે એ ગીતોના ભાવ, કલ્પનો, સંવેદના, રસ, વર્ણનો વિશિષ્ટ હોય છે. લોકગીતોમાં જુદા જુદા પ્રસંગોએ ગવાતા ગીતોનો સમાવેશ થયેલા હોય છે. દરેક પ્રસંગોએ ગાવા માટેનાં ગીતો હોય છે. ગામીત સમાજના લોકગીતોનો અભ્યાસ કરીશું તો તે સમાજમાં સંપૂર્ણ વિધિવિધાનનું આખું માળખું સમજાઈ જશે. ગામીત લોકગીતોમાં હાસ્યરસ, કરૂણરસ, શૃંગારરસ તેમજ મિલનભાવ, વિરહભાવ વગેરે પ્રગટે છે.

➢ લોકગીતોમાં સંવાદાત્મકતા :

લોકગીતોમાં કેટલાક ગીતો સંવાદાત્મક હોય છે. સંવાદોની વિશેષતા એ છે કે, પહેલી પંક્તિમાં જે સંવાદ ઉઠાવવામાં આવ્યો હોય, તેનો જવાબ પછીની પંક્તિમાં મળી જતો હોય છે. અમુક સંવાદોમાં પશુપંખીના નામ આપીને મશ્કરી પણ કરવામા આવે છે.

➢ લોકગીતોમાં મનોભાવ :

લોકગીતોમાં જુદી જુદી વ્યકિતઓના મનોભાવો અભિવ્યકત થતા હોય છે. લોકગીત ગવાતા હોય છે ત્યારે આ મનોભાવોને જે તે વ્યકિતના ગણી શકાય પણ પછીથી એ સમૂહના બની જાય છે. ગામીત લોકગીતોમાં પણ આવા વિવિધ મનોભાવો વ્યકત થાય છે.

➢ લોકગીતોમાં કલ્પન અને પ્રતીક :

લોકગીતોમાં કલ્પન અને પ્રતીક અનાયાસે અને સભાનપણે સહજતાથી પ્રયોજતા હોય છે.

➢ લોકગીતોમાં લય :

બધાં જ લોકગીતો ગેય હોય છે લોકગીતોમાં લય વિશિષ્ટ હોય છે તે ગીતો ગવાય ત્યારે જ આપણને તેના લયનો ખ્યાલ આવે છે.

➢ લોકગીતોમાં વસ્ત્રો અને આભૂષણોના ઉલ્લેખ :

ગામીત લોકગીતોમાં વસ્ત્રોના ઉલ્લેખ જોવા મળે છે. પુરુષોમાં ધોતિયું, ટોપી, પેન્ટ, હાફ પેન્ટ, બંડી તથા સ્ત્રીઓના વસ્ત્રોમાં ચોળી, કાછડી, ઘાઘરો, સાડી જેવા પહેરવેશના ઉલ્લેખો ગામીત લોકગીતોમાં જોવા મળે છે.

પરુષોનાં આભૂષણોમાં કમરની ચાંદીની સાંકળ, કાનની બુટ્ટી તથા સ્ત્રીઓના આભૂષણોમાં કંઠી, ગાઠી, ઝાંઝર, ફૂલડી, નથની, દોરો, બુટ્ટી, ઘડિયાળ, ચાપડો આદિ ઘરેણાં ગામીત જાતિની બહેનો પહેરે છે.

ગામીત લોકગીતોમાં દેવી–દેવતાનાં સ્થાનનાં ઉલ્લેખો, પ્રકૃતિનાં તત્ત્વો, પશુપંખી તથા વનસ્પતિના ઉલ્લેખો પણ જોવા મળે છે. જેવા કે નદી, આકાશ, ડુંગરો, ફૂલો, ઝાડ, ઝરણાં, દરીયો, રસ્તાઓ અને સ્થળોના ઉલ્લેખો પણ જોવા મળે છે. ગામીત લોકગીતામાં પ્રકૃતિ તત્ત્વોનો ઉલ્લેખ વધારે દેખાય છે કારણ કે, તેઓ પ્રકૃતિના ખોળે રમે છે અને પ્રકૃતિ તેમની જન્મભૂમિ ગણાય છે, એ જ રીતે પશુપંખીઓના પણ ઉલ્લેખ મળે છે તેમજ અનેક દેવતાઓના ઉલ્લેખો મળે છે.

➢ ગામીત જાતિનાં લોકગીતોના ઉદ્દેશ :

ગામીત જ્ઞાતિના લોકો જ પરંપરાગત લોકસંસ્કૃતિ અને લોકગીતો તથા લોકસાહિત્યની સ્મૃતિ ધરાવે છે, તે મારા સંશોધનનાં કેન્દ્રમાં રહેશે. આ સમાજમાં શિક્ષણનો વ્યાપ ક્રમશઃ વધી રહયો છે. આઝાદી પછીના સમયમાં નવી પઢી વધારે ને વધારે પ્રમાણમાં મુખ્ય પ્રવાહોમાં જોડાઈ રહી છે. તે આનંદની ઘટના હોવા છતાં એ પણ હકીકત છે કે આ જાતિ પરંપરાથી તે વિમુખ થઈ રહી છે, એના કારણે સાંસ્કૃતિક વારસાને હાનિ પહોંચી રહી છે.

ઉપસંહાર–તારણો અને પરિણામ વિશેષો :

ગામીત જાતિમાં જન્મથી લઈને મરણ સુધી વિવિધ ઘટનાઓ મહત્ત્વની હોય છે અને તેના પરિણામે વિધિવિધાનો, વિવિધ માન્યતાઓ અને વિચારસરણીઓ અસ્તિત્વમાં આવી છે અને તેને

અનુરૂપ લોકસાહિત્ય પણ સ્વાભાવિક રીતે સર્જાયું હોય છે. સમાજના લોકકલાકારો દ્વારા સચવાયેલા આ લોકસાહિત્યના વારસાને જાળવવો, સમજવો અને એ રીતે સમાજ સામે મૂકવો, તે આ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ છે. ગુજરાતના અન્ય લોકસાહિત્ય સાથે આ જાતિનાં લોકસાહિત્યને મૂકવાનો પ્રયાસ કર્યો છે.

- ગામીત જાતિની સંસ્કૃતિનું જતન થાય.
- ગામીત જાતિની સંસ્કૃતિ અને લોકગીતોનો વ્યાપક સમાજ સમજે અને જાણે.
- આ વિશિષ્ટ લોકગીતોના સ્વરૂપોમાં આલેખાયેલા સમાનતા, માનવીના ભાવોને ઊજાગર કરવા.
- ગામીત લોકગીતો, વિધિવિધાનો ભૂલાતા જાય છે, તેનો સંગ્રહ થાય અને ભવિષ્યનાં સંશોધનો માટે સામગ્રી ઉપલબ્ધ થઈ શકે.

શિષ્ટ સાહિત્યનું મૂળ લોકસાહિત્યમાં પડલું છે, પણ ગામીત લોકજાતિનાં ગીતો ગામીત બોલીમાં ગવાઈ છે. એ ગીતોને શિષ્ટ ગુજરાતી ભાષામાં રૂપાંતરિત કરવામાં આવે તો વ્યાપક સમાજ પણ એ ગીતોમાં રહેલાં ભાવોને સમજી શકે અને એ ગીતો દ્વારા આનંદની પ્રાપ્તિ પણ થતી હોય છે. ગામીત લોકગીતોમાં પુરાકલ્પન, પ્રતીક, હાસ્ય, પ્રકૃતિનું દર્શન, પ્રસંગગીતો, વિરહમિલન, કાવ્યાત્મકતા અને ચિત્રાત્મકતા જોવા મળે છે. શિષ્ટ સાહિત્યના ગીતોમાં જે વિશેષતા જોવા મળે છે, તેવી જ વિશેષતા ગામીત સમાજના લોકગીતોમાં પણ જોવા મળે છે.

સૂચિ :

૧. કૃતિ સૂચિ.

૨. તસવીર સૂચિ.

૩. સંદર્ભ–કૃતિ રુચિ. – DVD કેસેટ.

૪. વિવેચન–સંશોધન સૂચિ.

સંદર્ભ સૂચિ

ક્રમ	પુસ્તકનું નામ	સંપાદકનું નામ	આવૃતિ	પૃષ્ઠ નંબર
૧	લોકગુર્જરી વાર્ષિક અંક–૭ 'લોકસાહિત્ય અને તેનું સંશોધન' લેખ	જોરાવરસિંહ જાદવ	૧૯૭૪	૪૩
૨	આત્મચેતનાનું મહિયર	ડૉ.હિમાશું ભટ્ટ	પ્ર.૧૯૮૧	૧૫૪
૩	ભરતનું નાટ્યશાસ્ત્ર	ભરત મુનિ	શ્લોક ૧૨૪,૧૨૮	
૪	લોકવિદ્યા વિજ્ઞાન	ડૉ.હસુ યાજ્ઞિક	૨૦૦૧	૧૨૭,૧૨૮ ૧૨૯
૫	ધ સાયન્સ ઑફ ફોકલોર	એ.એચ.કાપે		૧૫૩
૬	લોકસાહિત્ય વિજ્ઞાન	ડૉ.સત્યેન્દ્ર		૦૮
૭	ભોજપુરી લોકસાહિત્ય કા અધ્યયન	કૃષ્ણદેવ ઉપાધ્યાય		૪૪
૮	લોકસાહિત્ય ઘરતીનું ધાવણ ખંડ–૧	ઝવેરચંદ મેઘાણી	પ્ર.આ.૧૯૮૨	૦૨
૯	લોકસાહિત્ય વિમર્શ	જયમલ્લ પરમાર	પ્ર.આ.ઓકટો૧૯૮૫	૨૬
૧૦	લોકસાહિત્ય ઘરતીનું ધાવણ ખંડ–૧	ઝવેરચંદ મેઘાણી	પ્ર.આ.૧૯૮૨	૦૨
૧૧	ગુજરાતનાં લોકગીત	ખોડીદાસ પરમાર	પ્ર.આ.૧૯૮૧	૭
૧૨	ગુજરાત લોકગીત	ડૉ.પ્રભાશંકર તરૈયા	પ્ર.આ.૧૯૮૧	૭
૧૩	લોકસાહિત્ય કી ભૂમિકા	ડૉ.કૃષ્ણદેવ ઉપાધ્યાય	પ્ર.આ.૧૯૮૧	
૧૪	ઘોળમંગળ	ખોડીદાસ પરમાર	પ્ર.આ.૧૯૮૨	૨૧
૧૫	ગુજરાત કે આદિવાસી	વિમલ શાહ	પ્ર–૧૯૬૮	૩, ૩૩
૧૬	ગામીત જાતિના લોક–ગીતો	ડૉ. દક્ષા વ્યાસ	પ્ર–૨૦૦૭	૨૦
૧૭	દક્ષિણ ગુજરાતના આદિવાસી નૃત્યો	વિક્રમ ચૌધરી ધીરૂ પટેલ કુલીન પટેલ મનોજ ચૌધરી	પ્ર–૨૦૧૧	૩, ૪
૧૮	ગામીત જાતિ સામાજિ અને સાંસ્કૃતિક અધ્યયન	ડૉ. દક્ષા વ્યાસ ડૉ. નવીનકા મોદી	પ્ર–૧૯૯૩	૧૩,૧૪,૧૫, ૧૬,૧૭,૧૮
૧૯	ધોડિયા જાતિ બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ	મંછારામ નારણદાસ પટેલ	પ્ર–૨૦૦૩	૧૮,૫૧,૮૬
૨૦	ગામીત હડલ્યાભાઈ મુ.ગતાડી, તા.સોનગઢ, જિ.તાપી ઉંમર–૬૫	–	મરણ પ્રસંગની વિધિ કરનાર માહિતી આપી	–

૨૧	ગામીત હરીલાલ ભીમાભાઈ મુ.બંધારપાડા,તા.સોનગઢ, જિ.તાપી, ઉંમર ૬૦	–	ટોપલ્યા દેવની માહિતી આપનાર	–
૨૨	ગામીત કાળીબેન (સુવાકી) ઉંમર : ૭૫ વર્ષ		બાળકના જન્મ પ્રસંગની વિધિ કરનાર	
૨૩	ગામીત જાતિ : સામાજિક અને સાંસ્કૃતિક અધ્યયન	ડૉ. દક્ષા વ્યાસ ડૉ. નવીનકા મોદી	પ્ર–૧૯૯૩	૩૧, ૩૨
૨૪	ગામીત રમીલાબેન રણજીતભાઈ મુ.બંધારપાડા, તા.સોનગઢ,જિ.તાપી ઉંમર : ૪૮ વર્ષ			
૨૫	મંજુબેન શંકરભાઈ ગામીત મુ.બંધરપાડા,તા.સોનગઢ,જિ.તાપી			
૨૬	ગામીત ગંજીભાઈ મુ.બંધરપાડા,તા.સોનગઢ,જિ.તાપી ઉંમર ૭૦			
૨૭	ગામીત સીંગાભાઈ ગંજીભાઈ મુ.બંધરપાડા,તા.સોનગઢ,જિ.તાપી ઉંમર ૫૩			
૨૮	ગામીત ભીમા મૂશાળા મુ.બંધરપાડા,તા.સોનગઢ,જિ.તાપી ઉંમર ૬૫			
૨૯	ગામીત દિવાળીયાભાઈ મુ.ગતાડી,તા.સોનગઢ,જિ.તાપી ઉંમર ૭૮			
૩૦	ગામીત હડલ્યાભાઈ મુ.ગતાડી,તા.સોનગઢ,જિ.તાપી ઉંમર ૭૫			
૩૧	ગામીત જાતિ : સામાજિક અને સાંસ્કૃતિક અધ્યયન	ડૉ. દક્ષા વ્યાસ ડૉ. નવીનકા મોદી	પ્ર–૧૯૯૩	૧૩
૩૨	ગામીત જાતિ : સામાજિક અને સાંસ્કૃતિક અધ્યયન	ડૉ. દક્ષા વ્યાસ ડૉ. નવીનકા મોદી	પ્ર–૧૯૯૩	૪૨,૪૩
૩૩	ગામીત હડલ્યાભાઈ મુ.ગતાડી, તા.વ્યારા, જિ.તાપી			
૩૪	ગામીત ગંજીભાઈ જવળાભાઈ			

	મુ.બંધારપાડા, તા.સોનગઢ, જિ.તાપી			
૩૫	ગામીત દિવાળીયાભાઈ મુ.ગતાડી, તા.વ્યારા, જિ.તાપી			
૩૬	ગામીત જાતિ : સામાજિક અને સાંસ્કૃતિક અધ્યયન	ડૉ. દક્ષા વ્યાસ ડૉ. નવીનકા મોદી	પ્ર–૧૯૯૩	૩૭
૩૭	ગામીત કાળીબેન મુ.બંધારપાડા, તા.સોનગઢ, જિ.તાપી			
૩૮	ગામીત કિશનભાઈ ગોમાભાઈ મુ.મોટાબંધારપાડા,તા.સોનગઢ, જિ.તાપી ઉંમર: ૪૯		સીમાળીયા દેવની માહિતી આપનાર	
૩૯	ગામીત ઉકાજીભાઈ મુ.ઘોડચીત, તા.સોનગઢ, જિ.તાપી ઉંમર ૬૪		ટોપલ્યા દેવની પૂજા કરનાર તથા દેવની માહિતી આપી	
૪૦	ગામીત દિવાળીયાભાઈ મુ.ગતાડી,તા.સોનગઢ, જિ.તાપી ઉંમર ૬૪		ખતરા મુકતી વખતે ગીતો ગાનાર	
૪૧	ગામીત હડલ્યાભાઈ કુવારજીભાઈ મુ.ગતાડી,તા.સોનગઢ, જિ.તાપી ઉંમર ૬૦		ખતરા મુકતી વખતે ગીતો ગાનાર	
૪૨	ગામીત ઘનસુખભાઈ સી. મુ.મોટાબંધારપાડા,તા.સોનગઢ, જિ.તાપી ઉંમર : ૪૫		દેવમોગરા માટેની પુજા કરનાર તથા માહિતી આપનાર	
૪૩	રમીલાબેન રણજીતભાઈ ગામીત મુ.બંધારપાડા, તા.સોનગઢ, જિ.તાપી	૪૫ વર્ષ	હાલરડાં તથા લગ્નગીતો ગાનાર	૧૫૬
૪૪	કેશીયાભાઈ પોશલાભાઈ ગામીત મુ.ગતાડી, તા.સોનગઢ, જિ.તાપી	૭૧ વર્ષ	ખતરા મુકતી વખતે ગીતો ગાનાર	૧૬૦, ૧૬૧, ૧૬૨